ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૪.૧૧.૨૦૧૭

-----------

**આવનારી વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપા વિકાસ અને ગતિશીલતાની રાજનીતિના મુદે પ્રજાની વચ્ચે જઇને વિજયી બનશે**

-----------

**વિકાસ અને નેતાગીરીના પ્રશ્ને વિફળ ગયેલી કોંગ્રેસની જાતિવાદી રાજનીતિ તેને માટે ચોક્કસ રીતે આત્મઘાતી પૂરવાર થશે**

-----------

**GST ના મુદે સાચી સમજણના અભાવે રાહુલ ગાંધી અવસરવાદી રાજનીતિનો આશરો લઇ રહ્યાં છે, તે દુ:ખદ છે - શ્રી અરૂણ જેટલીજી**

-----------

આજરોજ થલતેજ મિડીયા સેન્ટર ખાતે પત્રકાર પરીષદને સંબોધતા કેન્દ્રિય નાણાં મંત્રી તથા ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રભારી આદરણીય શ્રી અરૂણ જેટલીજીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને તેમના મંતવ્યો રજૂ કર્યા હતાં.

છેલ્લા બે દાયકાથી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની સાથે પોતાને ઘનિષ્ઠ રીતે સાંકળવાનું બન્યું છે, તેમ જણાવી શ્રી અરૂણ જેટલીજીએ ગુજરાતમાં ભાજપાએ હંમેશા વિકાસ અને ગતિશીલતાની રાજનીતિ કરી છે. સામાજીક અને આર્થિક રીતે સમાજને કઇ રીતે ઉન્નત દિશામાં લઇ જવો તેની ચીતા કરી છે. કમનસીબે કોંગ્રેસે આ બધીજ ચૂંટણીઓમાં એક રાજ્ય અને એક વ્યક્તિની વિરૂધ્ધમાં સરકારી તંત્રનો બેફામ દૂરૂપયોગ કરીને, જુઠાણાનો આશરો લઇને, રાષ્ટ્ર વિરોધી તત્વોનો યેન કેન પ્રકારેણ આશરો લઇને ભાજપાને પરાજીત કરવાની નિષ્ફળ કોશીશ કરેલી છે. ગુજરાતની પ્રજાએ હંમેશા ભાજપાની વિકાસની તથા ગતિશીલતાની રાજનીતિને સમર્થન કરેલ છે. આ વખતની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસે વિકાસને મજાક બનાવવાનો તથા વિકાસના કાર્યોને નીચા દેખાડવાનો તથા જાતિવાદનું ઝેર ફેલાવીને સમાજને વિભાજીત કરવાના પ્રયત્નમાં રાચી રહેલ છે. આ પહેલાં પણ ૮૦ના દાયકામાં સમાજના વિભાજન દ્વારા ચૂંટણીમાં સફળતા મેળવવાના કોંગ્રેસના પ્રયાસોને ગુજરાતની પ્રજાએ સફળ થવા દીધા ન હતાં.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



GSTના મુદ્દે કોંગ્રેસના ઉપપ્રમુખ શ્રી રાહુલ ગાંધી સાચી સમજના અભાવે અવસરવાદીતાની રાજનીતિ કરી રહ્યાં છે. GST કાઉન્સિલમાં તમામ નિર્ણયો સર્વાનુમતે લેવાય છે, જેમાં કોંગ્રેસની રાજ્ય સરકારોના નાણાં મંત્રીશ્રીઓ પણ સામેલ છે. GSTનો નિર્ણય એક ઐતિહાસિક નિર્ણય છે. કરમાળખાની પ્રણાલી સરળ તથા લોકભોગ્ય બને અને ભૂતકાળમાં ૧૭ પ્રકારના ટેક્ષ અને અનેકવિધ સેસમાંથી પ્રજાને મૂક્તિ મળે તેવી આદર્શ વિભાવનાથી GST સર્વ પક્ષોની સંમતિ દ્વારા અમલમાં લાવવામાં આવેલ કરપ્રણાલી છે. GST કાઉન્સિલની દર મહિને બેઠક મળતી હોય છે. જે જે ક્ષેત્રોમાં જે કોઇ મુશ્કેલીઓ હોય, તેનું નિવારણ કરવા માટે સરકારનું મન હંમેશા ખુલ્લું રહ્યું છે, અને જરૂરી પ્રજાલક્ષી નિર્ણયો લેવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપા સરકાર હંમેશા તત્પર રહી છે.

ડીમોનેટાઇઝેશન પાછળનો હેતુ ટેક્ષનું માળખુ વ્યાપક બને, ડીજીટલ વ્યવહાર વધે, કેશ કરન્સી ઓછી થાય, કાળા નાણાંનો ખાત્મો થાય તથા આતંકવાદી પ્રવૃત્તિઓ ઉપર રોક લાગે તે આશયો હતાં, અને દેશની પ્રજાએ ભાજપાના આ નિર્ણયને હરખભેર વધાવ્યો છે. વિકાસ અને સક્ષમ નેતાગીરી પુરી પાડવામાં વિફળ ગયેલી કોંગ્રેસે જાતિવાદી રાજનીતિનો આશરો લીધો છે, જે તેને માટે ચોક્કસ પણે આત્મઘાતી પુરવાર થશે. ભાજપા પાસે વિકાસની રાજનીતિ કરતાં સમર્પિત વિવિધ રાજ્યોના મહાનુભાવો છે, જે ગુજરાતમાં પ્રચાર પ્રસાર માટે પધારી રહ્યાં છે. જ્યારે કોંગ્રેસ પાસે માત્ર એક પરિવાર સિવાય કહેવા જોગ વિશેષ કોઇ બાબત રહી નથી.

આજની આ પત્રકાર પરીષદમાં રાષ્ટ્રીય અગ્રણી શ્રી અનિલ જૈન, શ્રી સંજય મયુકજી, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી આઇ. કે. જાડેજા, પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઇ પંડ્યા, શ્રી જગદીશભાઇ ભાવસાર તથા શ્રી યમલભાઇ વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૦૪.૧૧.૨૦૧૭

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ૦૫ નવેમ્બરના રોજ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના સાત જીલ્લામાં ઝંઝાવાતી પ્રવાસ કરશે.**

-----------

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ ૦૫ નવેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના સાત જીલ્લાઓનો ઝંઝાવાતી પ્રવાસ કરી શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જ અને ભાજપાના આગેવાનોને મળીને વિધાનસભાની ચૂંટણીના મહાવિજય માટે માર્ગદર્શન આપશે.

ભાજપાના પ્રદેશ પ્રવક્તા ડૉ. જગદીશ ભાવસારે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના બીજા દિવસના સંગઠનાત્મક પ્રવાસની વિગતોમાં જણાવ્યું હતુ કે, તેઓશ્રી સવારે ૯.૩૦ કલાકે ટાટાહોલ, આસાપુરી મંદિર રોડ, નવસારી ખાતે વલસાડ, નવસારી, ડાંગના કાર્યકરો અને શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ સાથે બે તબક્કામાં બેઠકો યોજશે.

ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ દક્ષિણ ગુજરાતના ત્રણ જીલ્લાના કાર્યકરોને માર્ગદર્શન આપી બપોરે ૨.૩૦ કલાકે મહેંદી બંગલોઝ, મુનલાઇટ પાછળ, દાહોદ રોડ, ગોધરા ખાતે પંચમહાલ, દાહોદના મધ્ય ગુજરાતના કાર્યકરોને બે તબક્કામાં માર્ગદર્શન કરશે.

મધ્ય ગુજરાતનો બે જીલ્લા પંચમહાલ અને દાહોદનો પ્રવાસ પતાવી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ સાંજે ૭.૦૦ કલાકે સાબરડેરી હોલ, મોતીપુરા, હિંમતનગર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના કાર્યકરોને બે તબક્કામાં માર્ગદર્શન આપશે. બે દિવસમાં તેઓશ્રી ૧૩ જીલ્લા અને ૨ મહાનગરોનો સંગઠનાત્મક પ્રવાસ સંપન્ન કરાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા.૦૪.૧૧.૨૦૧૭

------------

**ભાજપનો વિજય રથ અવિરત આગેકૂચ કરશે - પૂ.નૌતમ સ્વામી**

------------

**ગુજરાતમાં આજે આઠ યાત્રાધામોનો અવિરત વિકાસ થઈ રહ્યો છે એ ભાજપની સરકારને આભારી છે**

------------

**જેમ ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું હતું કે હું પ્રધાનમંત્રી નહીં પણ પ્રધાન સેવક છું તેમ હું પણ ગુજરાતનો નાથ નહીં પણ દાસ છું – શ્રી વિજયભાઇ રૂપાણી**

------------

ભારત દેશની સંસ્કૃતિનું જતન કરવા માટે ભવ્ય મંદિરો બાંધવા જાઈએ. મંદિરોથી જ ધર્મની સાથે સુસંસ્કારનું સિંચન થાય છે. મંદિરો એ પવિત્ર યાત્રાધામ તરીકે ઓળખાય છે. ગુજરાતમાં આજે આઠ યાત્રાધામોનો અવિરત વિકાસ થઈ રહ્યો છે એ ભાજપની સરકારને આભારી છે. ભાજપની સરકાર આદર્શ સંસ્કારો અને સંસ્કૃતિને વરેલી છે. ત્યારે આ સરકારનો વિજયઅશ્વ અવિરત રીતે આગેકૂચ કરે અને અડીખમ ગુજરાતના મોડેલને સર્વ દેશમાં પ્રસ્થાપિત કરે તેવી જ વર્તમાન સમયની માંગ છે જેને અમારું સંતોનું સમર્થન છે. તેમ આજે વડતાલ ખાતે પૂર્વ ચેરમેન અને સત્સંગ મહાસભાના પ્રમુખ પૂ.નૌતમપ્રકાશદાસજીએ જણાવ્યું હતું. પૂ.નૌતમસ્વામીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં ડાકોર, પાવાગઢ, અંબાજી, સોમનાથ વગેરે યાત્રાધામોનો અવિરત વિકાસ થઈ રહ્યો છે.

આ પ્રસંગે વડતાલ ગાદીના આચાર્ય પ.પૂ.રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને માણકી ઘોડીની પ્રતિકૃતિ મેળવીને ભાવવિભોર બનેલા મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ જણાવ્યું હતું કે, સત્તા એ સેવાનું સાધન છે. લોકો રાજકારણીને નખશિખ જુએ અને વર્તે છે ત્યારે ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું હતું કે, હું પ્રધાનમંત્રી નહી પણ પ્રધાન સેવક છું તેમ હું પણ ગુજરાતનો નાથ નહી પણ દાસ છું. ગુજરાતના ખુણેખુણેથી પધારેલા ૧૭૦૦ જેટલા સંતોના આશીર્વાદ સાથે ધમધમી રહેલા યાત્રાધામ વડતાલના વખાણ કરતાં મુખ્યમંત્રીએ આ સદાચારીઓને વંદન કર્યા હતા. વધુમાં સ્વામિનારાયણ ભગવાનના સ્વહસ્તે નિર્મિત થયેલા મંદિરમાં આજના દર્શન કરવાના પ્રસંગે સંસ્થાની જીવથી શિવ સુધીની સેવાઓ, બધામાં પરમાત્માના દર્શન તથા બધાના દુ:ખે દુ:ખી અને સુખે સુખી થવાની ભાવનાને મૂર્તિમંત કરતાં

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



સંતોના કાર્યોને વખાણ્યા હતા. ગુજરાતને રોગમુક્ત, વ્યસનમુક્ત બનાવવા માટે આ સંતોએ કરેલી સેવાઓને વખાણી હતી. સાથે સાથે મૂલ્યનિષ્ઠ ગુજરાતનું નિર્માણ અને સમાજજીવનમાં આદર્શ આચાર સંહિતા અમલી બનાવવા માટેના કાર્યને પણ બિરદાવ્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્રને ચરિતાર્થ કરવા માટે સંતોનો સહયોગ પણ તેઓએ માંગ્યો હતો. હવે અડીખમ ગુજરાત અડીખમ જ રહે, અશાંત ન થાય. ભ્રષ્ટાચાર, આતંકવાદ અને ગરીબીથી ગુજરાત જાજનો દૂર રહે તે માટે આ તકે આવો આપણે સૌ ભગવાન સ્વામીનારાયણને પ્રાર્થના કરીએ. વડતાલમાં યશ અને કિર્તીના વાવટા ફરકતા રહે, સારા સમાજની સાથે સમાજજીવન ઉચ્ચતર બને તેવી પણ અપેક્ષા વ્યક્ત કરી હતી. અંતમાં આભારવિધિ આસી.કોઠારી સંતસ્વામીએ કરી હતી.

આ પ્રસંગે મંત્રી નાનુભાઈ વાનાણી, રોહિતભાઈ પટેલ, સાંસદ દેવુસિંહ ચૌહાણ, મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ, આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ મહેશભાઈ પટેલ, પૂ.દેવસ્વામી, પૂ.ધર્મપ્રિયદાસજી, પૂ.બાલકૃષ્ણદાસજી, પૂ.ભાનુપ્રકાશદાસજી, પૂ.સુખદેવસ્વામી, પૂ.ઘનશ્યામસ્વામી, પૂ.શ્યામવલ્લભ સ્વામી સહિત સંતો, હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

સાત દિવસથી ચાલતા આ કાર્તિકી સમૈયામાં ૧૦૦ થી વધુ પદયાત્રી સંઘો, સુરત, મુંબઈ, વડોદરા, ભરુચ, વાકડ, કાનમ, કાઠીયાવાડ અને ચરોતરમાંથી પધાર્યા હતા. મુખ્ય વક્તા નિલકંઠચરણદાસજી સ્વામીનું સન્માનપત્ર તથા યજમાન જીવરાજભાઈ શામજીભાઈ ગાબાણી પરિવારનું શાલ અને સન્માનપત્ર સાથે ટ્રસ્ટી બોર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ